# દિવ્યક્રાંતિ

રવાપર-ઘુનડા રોડ સ્પેશ્યલ એડિશન

DATE 28-02-2026 to 03-02-226 ▶ Owner-Editor & Publisher: Jaydev K. Budhbhatti +91-9723162036 RNI Reg No. GujGuj/2013/56930



ચાલો ૐ નમઃ શિવાય
કૈલાશ માનસરોવર
સપન ચૌહાણ : 75 67 75 0333


# મોરબી : હિન્દૂ મહાસંમેલનમાં આત્માનંદ સરસ્વતીએ હિન્દૂ એકતાની પ્રબળ ચેતના જગાવી

જુઓ પાનું - ૩


Follow Us :
India's 1 Tiles Display Manufacture
MOMAI ENGINEERING
Mfg : All Type Tiles Display Stand,
All Contruction Machinery,
Ceramic Powder Mixer, etc
+91 88496 68913 | +91 99250 54117
Shop No.14/15, Balaji Complex, B/H Vishal Furniture, 8-A N/H, Morbi-2

Follow us :
સમ્રાટ જ્વેલર્સ
ધ બિગેસ્ટ જ્વેલરી મોલ
Valentine's Day BIG SALE OFFER
OFFER VALID TILL 09-02-2026 TO 28-02-2026
કોઈપણ 22 કેરેટના દાગીનાની ઘડામણ માત્ર 9.99%
કોઈપણ 18 કેરેટના દાગીનાની ઘડામણ માત્ર 12.99%
*T&C APPLY
બ્રાન્ચ-૧ સમ્રાટ જ્વેલર્સ સોની બજાર, મોરબી.
બ્રાન્ચ-૨ એસ.સમ્રાટ જ્વેલર્સ રવાપર રોડ, મોરબી.
Contact: 63572 23344 63592 23344

શ્રી મોમાઈ જ્યોતિષ હવે કેપિટલ માર્કેટમાં...
મોબાઈલ : 98242 43712
જન્મ કુંડળી સગપણમાં તકલીફ
ધંધા માં રુકાવટ
ઘરમાં અશાંતિ
તેમજ વૈદિક લગ્ન કરાવનાર
ભૂમિ પૂજન
ભાગવત કથા
શ્રી મોમાઈ જ્યોતિષ
VEDIC ASTRO
એડ્રેસ : ત્રીજા માળે દુકાન નંબર ૧૨૧, કેપિટલ માર્કેટ રવાપર રોડ, મોરબી.

Reach 47K Plus People Instantly with Your Ad on Divyakranti News
Promote Your Business, Event, or Offers to 197+ Active WhatsApp Groups
Targeted Local Audience in Morbi
High Engagement & Instant Reach
Affordable & Effective Advertising
DM us now to grow your business!
Call/WhatsApp +91-97231 62036
Book Your Ad Today!
DIVYAKRANTI NEWS: The Most Trusted News Source in Morbi!
દિવ્યક્રાંતિ NEWS


FOLD LINE


નાની કેનાલ રોડ, મોરબીમાં હવે અમારી નવી શાખા સાથે આપની સેવા માટે સદૈવ પ્રતિબદ્ધ.
NILESH LADIES SALON
HAIR SKIN NAIL MAKE-UP
nilesh_ladies_salon_
Inauguration Special Offer 30% to 40% Off on Any Service
Experienced Hair Dresser
Devang bhatti: 9904831317 SALON: 9904331317
7-8 સોમનાથ માર્કેટ, બીજો માળ, નાની કેનાલ રોડ, મોરબી
NILESH HAIR ART | NILESH GENTS PARLOUR | NILESH BARBER SHOP

આરોગ્ય વિહાર
નેચરોપથી તથા આયુર્વેદિક
શું આપ દવાઓથી છૂટકારો મેળવવા માંગો છો?
તો મોરબીનું એક માત્ર ડાયટ થેરાપી સેન્ટર જ્યાં તમારો ડાયટ બદલી અને તમારા રોગોનું નિવારણ કરવામાં આવે છે.
કેરેલિયન હેર ટ્રીટમેન્ટ & સ્કિન ટ્રીટમેન્ટ
કેપિટલ માર્કેટ, શોપ નં.-૯૫, બીજોમાળ, રવાપર ચોકડી, મોરબી. | 70464 22118

દિવ્યક્રાંતિ
મોબાઈલ પર ન્યુઝ અપડેટ અને ઈ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9723162036 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરો

દિવ્યક્રાંતિ
અહી આપેલ QR કોડ સ્કેન કરો અને ઈન્સ્ટાગ્રામ પર પેજ ફોલો કરો.
@divyakrantinews

દિવ્યક્રાંતિ
ફેસબુક પર ન્યુઝ અપડેટસ અને ઈ-પેપર મેળવવા ફેસબુક પર સર્ચ કરો
divyakrantinews
અને પેજ લાઈક કરો..
/divyakrantinews /divyakrantinews

100% નેચરલ આઈસ્ક્રીમ, ઉપવાસમાં ખાવા લાયક..
દલસુખભાઈ: 96387 07270
જીજ્ઞેશભાઈ: 90991 11853
સુરતનો પ્રખ્યાત આદેશ નેચરલ આઈસ્ક્રીમ
BRANC-1 G-91, કેપિટલ માર્કેટ, રવાપર ચોકડી, મોરબી.
BRANC-2 શોપ નં.-6, ભીલ્વા ટ્રેડ હબ, મહેન્દ્રનગર ચોકડી, મોરબી. રમેશભાઈ: 99794 57384

BALAJI LIGHT STUDIO
Jaydeep Patel +91 90547 05145
Manat Patel +91 75750 80677
All Type of Decorative Lighting, Fan & Electric Items.
Capital Market, Shop No. 33-34, 2nd Floor, Ravapar Chowkdi, Morbi-1

BANSI TOYS
મીત પનારા : 84600 24734
0 to 30% Discount
કેપિટલ માર્કેટ, શોપ નં. 69, પ્રથમ માળ, રવાપર ચોકડી, મોરબી.

You will get a flat 10% DISCOUNT
If you follow our page on instagram @the.kaala_
THE KAALA BRAND OF LABEL
Watches • Perfumes • Outfits
Everything a man needs
Bold, Classy, Kaala Men's wear that fits your budget
Golden Market, 2nd Floor, Ravapar-Ghunda Road, Morbi.
+91 90676 86861 +91 97223 50650




**નોંધઃ આ ઇ-પેપરમાં કોઇપણ વ્યકકિતના મોબાઇલ નંબર ઉપર કલિક કરવાથી સીધો જ ફોન કરી શકશો.**

# મોરબીના સોની યુવાનની હત્યાનાં બનાવનો લીંબડીમાં પડઘો : અડધો દિવસ વેપાર - ધંધા બંધ

મોરબીમાં સોની યુવાનની હત્યાના સૌરાષ્ટ્રના સોની સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે.

બનાવના પગલે સોની સમાજમાં ઉગ્ર રોષની લાગણી જોવા મળી રહી છે. હત્યાના વિરોધમાં લીંબડી શહેરમાં સોની વેપારીઓએ અડધો દિવસ બંધ પાળી મામલતદારને આવેદનપત્ર પાઠવાયું હતું.

મોરબીમાં સામાન્ય બાબતે ગત 19મી ફેબ્રુઆરીના રોજ સોની યુવાનની હત્યા નિપજાવી હતી. આ બનાવના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને વિરોધ પ્રદર્શનો થઇ રહા છે. લીંબડીમાં સોની બજારના વેપારીઓએ બંધ પાળ્યો હતો.

લીંબડી શહેરના વીશા શ્રીમાળી સોની સમાજ તથાં નવ નાત વણિક સંગઠનના સોશિયલ ગુરુપ ના અગ્રણીઓ દ્વારા ગૃહ મંત્રી તથાં જિલ્લા કલેકટરને સંબોદીને લીંબડી



ધારાસભ્ય કિરીટસિંહ રાણાને સેવાસદન ખાતે મામલતદારને આવેદનપત્ર આપીને રજુઆત કરવામાં આવી હતી.


આ મામલે કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે સોની સમાજના અગ્રણીઓ દ્વારા નિષ્પક્ષ અને ત્વરિત તપાસની માંગ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આરોપીઓને કડક સજા ફટકારી સમાજમાં દાખલો બેસે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

આ ઘટનાના વિરોધમાં બપોર પછી સમસ્ત સોની સમાજે પોતાના ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખી શોક વ્યક્ત કર્યો હતો. આ તકે મુકેશભાઈ માલવિયા, મુકેશભાઈ શેઠ અને રવિલાલભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં વેપારીઓ અને સમાજના અગ્રણીઓ હાજર રહી ન્યાયની માંગ કરી હતી.

# મોરબીમાં ગુમ થયેલા જમીન લે-વેચના ધંધાર્થીની હત્યા કરી લાશને સળગાવીને જમીનમાં દાટી નાખી

મોરબી વીસીપરા વિસ્તારમાં રહેતા અને જમીન લે-વેચનું કામ કરતો યુવાન છેલ્લા કેટલાક દિવસથી ગુમ હોય તેમના પત્નીએ ગુમસુધા નોંધ દાખલ કરાવી હતી અને તેમાં ધડાકો થાય તેવા અણસાર હાલ મળી રહ્યા છે.હાલ મળતી માહિતી પ્રમાણે તે યુવાનનું પીપળી નજીક મર્ડર કરીને તેની લાશને ખાડામાં સળગાવી દઈને જમીનમાં દાટી દેવામાં આવી છે અને ઉપર ધાબું ભરી દેવામાં આવ્યૂ હોવાનું ચર્ચાઇ રહ્યું છે જેથી પોલીસ તપાસ તેજ કરવામાં આવી છે.



મોરબીના વીસીપરા વિસ્તારમાં રમેશ કોટન મીલ પાછળના ભાગે રહેતા રજીયાબેન તાજમહમદભાઈ કરીમભાઈ ભટ્ટી (મીયાણા) નામના 40 વર્ષના મહિલાએ ગત તારીખ 23-2 ના રોજ ગુમસુધા નોંધ દાખલ કરાવી હતી અને તેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત તારીખ 19-2 ના રોજ સવારે 9 વાગ્યે ઘરેથી તેમના પતિ તાજમહમદભાઈ કરીમભાઈ ભટ્ટી (47) "જમીન જોવા માટે જાવ છું". તેમ કહીને નીકળ્યા હતા અને સાંજ સુધી પરત આવ્યા ન હોય ઘરમેળે તપાસ કરવામાં આવી હતી.

છતાં તાજમહંમદભાઈ કરીમભાઈ ભટ્ટીનો કોઈ પતો લાગ્યો ન હતો.જેને લઈને રજીયાબેન દ્વારા બી ડિવિઝન પોલીસમાં ગુમસુધા નોંધ દાખલ કરવામાં આવી હતી.

જોકે ગુમ થયેલા તાજમહંમદભાઈ ભટ્ટીનો ક્યાંય પતો લાગતો ન હોતો.

દરમિયાનમાં પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે પોલીસ દ્વારા ઘનિષ્ઠ તપાસ ચલાવવામાં આવી હતી અને જેમાં ગુપ્ત રાહે હકીકત મળી હતી કે ગુમ થયેલા તાજમહમદભાઈ ભટ્ટીની મોરબીના જેતપર રોડ ઉપર આવેલા પીપળી ગામ નજીક બંધ પડેલા કારખાનામાં હત્યા કરીને તેમની લાશ દાટી દેવામાં આવેલ છે અને ધાબું ભરી દીધું હતી.!

જે બાતમી આધારે પોલીસે ચાર જેટલા શકમંદોને ઉઠાવી લીધા હતા અને તેઓની આગવી પૂછપરછ કરવામાં આવતા હાલ ઉપરોક્ત વાતને સમર્થન મળ્યું હોય ફાયર, મેડિકલ સહિતના વિભાગોને સાથે રાખીને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા હાલ પીપળી ગામ નજીક આવેલા બંધ કારખાનામાં ગુમ થયેલા યુવાનને શોધવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

ગુમ થયેલા તાજમહંમદભાઈ ભટ્ટીને શોધવા માટે ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે અને સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ યુવાનની હત્યા કરીને લાશને ખાડામાં સળગાવી દેવામાં આવી હતી ત્યાર બાદ ખાડાને બુરવા માટે ઉપર ધાબુ ભરી દેવામાં આવ્યું હતું.! હાલમાં પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરેલ છે.

# વાંકાનેરના પીપળીયા રાજ ગામે ઘરમાં સાપ કરડી જતાં એક વર્ષની બાળકીનું મોત

મૂળ વાંકાનેરના સિંધાવદર ગામના અને હાલમાં પીપળીયા રાજ ગામે ઈકબાલભાઈ દેખાવાડિયાના મકાનમાં રહેતા આસ્તાનાબેન મહમદફયાઝ શેરસીયાની એક વર્ષની દીકરી આઈસાબેન શેરસીયા પોતાના ઘરની અંદર સેટી પલંગ ઉપર ચડીને બારી ઉપર હાથ રાખીને રમતી હતી. ત્યારે તેને ડાબા હાથે સાપ કરડી ગયો હતો જેથી કરીને તે બાળકીનું મોત નીપજ્યું હતું. આ બનાવની મૃતક બાળકીની માતાએ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતા પોલીસે બનાવની નોંધ કરી રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે

# મોરબી મનપાની ફાયર શાખા દ્વારા લોકોને ફાયર પ્રિવેન્શન તાલીમ અપાઈ



મોરબી મનપાની ફાયર શાખા દ્વારા શહેરની 04 સરકારી કચેરીમાં કુલ 217 વ્યક્તિઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપવામાં આવી હતી. તેમજ દરમિયાન ફાયર સેફ્ટી સર્ટિફિકેટનું ચેકિંગ હાથ ધરાયું હતું તેમજ આગ નિવારણ સંબંધિત જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શિકા આપવામાં આવી હતી.ફાયર પ્રિવેન્શન અભિયાનના ભાગરૂપે સમાજવાડી, કોમ્પ્લેક્સ અને ઇન્ડસ્ટ્રીઝ જેવી ઈમારતોમાં તપાસ હાથ ધરાઈ હતી. અને ફાયર એનઓસી ન ધરાવતા બિલ્ડિંગોને નોટિસ આપવામાં આવી હતી. અને અગાઉ અપાયેલી નોટિસના અનુસંધાને 185 કોમ્પ્લેક્સ અને 38 સમાજવાડીઓમાં ફાયર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે અથવા કામગીરી પ્રગતિ હેઠળ છે. આ દરમ્યાન ફાયર સેફ્ટી અપ્રુવલ માટેની એક અરજી આવી હતી જેને કચેરીમાં ફોરવર્ડ કરવામાં આવી છે.

# મોરબીમાં વ્યાજખોરી, રોમિયોગીરી, લૂખ્ખાગીરીના ભોગ બનેલા 10 પરિવારોની પાટીદાર યુવા સેવા સંઘની આગેવાનીમાં DYSP ને રજૂઆત

## ભોગ બનનાર બાકીના લોકોની ફરિયાદ લેવાશે : અગાઉના કેસમાં કડક કાર્યવાહી થશે: જે.એમ.આલ

મોરબી જિલ્લામાં વ્યાજખોરી, રોમિયોગીરી, લૂખ્ખગીરી, આપઘાત વિગેરે જેવી ઘટનાઓમાં પોલીસ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવતી નથી જેથી મોરબી પાટીદાર યુવા સેવા સંઘના આગેવાનની આગેવાનીમાં ભોગ બનેલા 8-10 જેટલા પરિવારને સાથે લઈને ડીવાયએસપી કચેરી ખાતે જઈને રજૂઆત કરવામાં આવી હતી ત્યારેડીવાયએસપીએ ભોગ બનેલ લોકોની ફરિયાદ લેવા માટેની તેમજ અગાઉ જેની ફરિયાદ લેવામાં આવેલ છે તેઓના કેસમાં અસરકારક કામગીરી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.




મોરબી પાટીદાર યુવા સેવા સંઘના આગેવાન મનોજભાઈ પનારાની આગેવાની હેઠળ બુધવારે 8 થી 10 જેટલા ભોગ બનેલા પરિવારો મોરબીમાં આવેલ ડીવાયએસપી કચેરી ખાતે પહોંચ્યા હતા અને ત્યાં ડીવાયએસપી જે.એમ.આલને મળીને રજૂઆતો કરી હતી અને ત્યારબાદ પત્રકારોને માહિતી આપતા મનોજભાઈએ જણાવ્યું હતું કે મોરબીના શનાળા રોડ ઉપર જે ઘટના બની ત્યારબાદ ડીવાયએસપીએ નિવેદન આપ્યું હતું કે કોઈપણ વ્યક્તિ વ્યાજખોરી કે અન્ય કોઈ બાબતમાં ભોગ બનેલ હોય તો તેઓ ફરિયાદ નોંધાવે પોલીસ તેઓની સાથે જ છે અને તેઓને ન્યાય મળશે. જેથી ભોગ બનેલા પરિવારોને સાથે લઈને રજૂઆત કરવા માટે ગયા હતા.

જેમાં ખાસ કરીને વ્યાજખોરી, છેતરપિંડી, હનીટ્રેપ, રોમિયોગીરી, સાયબર ક્રાઇમ વિગેરે જેવી ઘટનાઓ દિવસે મોરબી જિલ્લામાં વધી રહી છે ત્યારે પોલીસ દ્વારા ભોગ બનેલા પરિવારની ફરિયાદ લઈને તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી અને લાગણી વ્યક્ત કરવામાં આવી હતી આ તકે મનસુખભાઇ લાલજીભાઈ જેતપરિયાએ જણાવ્યુ હતુ કે, તેઓની માતાની સારવાર માટે રૂપિયાની જરૂર હતી ત્યારે એક વર્ષ પહેલા અક્ષય ઘેટિયા નામના વ્યક્તિએ તેને કિશોરભાઇ ચાવડા પાસેથી વ્યાજે રૂપિયા અપાવેલ હતા ત્યાર બાદ જેની 11 કરોડની જમીનનો સોદાખત કરવવામાં આવેલ હતો જો કે, વ્યાજના રૂપિયા પાછા આપી દીધેલ છે તો પણ તેઓને તેની જમીન પછી આપવામાં આવતી નથી અને પોલીસ દ્વારા ફરિયાદ લેવામાં આવતી નથી.

જો કે, હાલમાં તેઓનો પ્રશ્ન ઉકેલવાની ખાતરી ડીવાયએસપી દ્વારા આપવામાં આવી હતી. આવી જ રીતે મોરબી નજીકના મહેન્દ્રનગર ગામે થોડા સમય પહેલા યુવાને આપઘાત કર્યો હતો જે બનાવ સંદર્ભે ફરિયાદ નોંધાઈ હતી જોકે, હજુ સુધી આ બનાવમાં પોલીસ દ્વારા ચાર્જશીટ કરવામાં આવ્યું નથી જેથી મૃતક યુવાનના પિતાએ ડીવાયએસપીને તે બાબતે રજૂઆત કરી હતી.

અને અંતમાં મનોજભાઈ જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની કોઈપણ નેતા કે રાષ્ટ્રીય પક્ષના આગેવાનની ભલામણ રાખ્યા વગર જે કોઈ વ્યક્તિ ગુનેગાર હોય તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે તો જ મોરબીમાં ગુનાખોરીને અટકાવી શકાય તેમ છે. જો કે, હાલમાં જે લોકો રજૂઆત કરવા આવ્યા હતા તેઓને સાંભળીને ડીવાયએસપીએ યોગ્ય કાર્યવાહી થશે તેવી ખાતરી આપી છે અને કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર મોરબીમાં ભોગ બનેલ લોકો ફરિયાદ નોંધાવે પોલીસ તેઓની સાથે જ છે અને તેઓને ન્યાય અપાવવા માટે પોલીસે કામગીરી કરશે.

# કંસારા સેવા સમાજ દ્વારા "અભ્યુદય ૨૦૨૬" અંતર્ગત મહાસંમેલન યોજાયું




જૂનાગઢની ગિરનાર પાવનભૂમિ પર સ્થિત વૈરાગી વૈષ્ણવ સમાજવાડી ખાતે કંસારા સેવા સમાજના ઉપક્રમે "અભ્યુદય □□□□" કાર્યક્રમ અંતર્ગત ભવ્ય મહાસંમેલન યોજાયું હતું. સમાજના સંગઠન, વિકાસ અને બિઝનેસ નેટવર્કિંગને કેન્દ્રમાં રાખી આયોજિત આ કાર્યક્રમમાં જૂનાગઢ, જેતપુર, કેશોદ, ગોંડલ, નખત્રાણા, અમદાવાદ અને રાજકોટ સહિત વિવિધ શહેરોના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પરમ પૂજ્ય ગો.□□□ શ્રી વ્રજ વલ્લભરાયજી મહારાજ (મોટી હવેલી, જૂનાગઢ)ના હસ્તે દીપ પ્રાગટ્યથી થઈ હતી. મહારાજશ્રીએ પોતાના પ્રેરક સંબોધનમાં "સંઘે શક્તિ કલ્લો યુગે"નો સંદેશ આપતાં સમાજની એકતા અને સંગઠનને વિકાસ માટે આવશ્યક ગણાવ્યું.

અમદાવાદથી ઉપસ્થિત જ્ઞાતિના અગ્રણી રમેશભાઈ જે. પરમારે સમાજહિતના કાર્યો માટે મતભેદો ભૂલી એકતા જાળવવા અને તન-મન-ધનથી સહકાર આપવા અપીલ કરી. વાસ્તુશાસ્ત્ર વિશારદ અને ગોલ્ડ મેડાલિસ્ટ ડૉ. રાજેન્દ્રભાઈ મેવચાએ "મારૂ કંસારા બિઝનેસ નેટવર્ક (M K B N)" વિશે માહિતી આપી સમાજને આર્થિક રીતે સશક્ત બનાવવા વધુમાં વધુ જોડાવાનું આહ્વાન કર્યું.

પૂર્વ પ્રમુખ રૂપેશભાઈ પરમારે નવનિર્મિત પ્રમુખ શ્રીમતી કૃષ્ણાબેન બારમેડાના નેતૃત્વ હેઠળ સંસ્થાને નવી દિશા મળશે એવી આશા વ્યક્ત કરી. પ્રમુખશ્રીએ જવાબદારી બદલ આભાર વ્યક્ત કરી સમાજના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી. મંત્રી ધવલભાઈએ પણ નવી ટીમ દ્વારા ઉત્કર્ષ માટે સક્રિય પ્રયત્નો કરાશે તેમ જણાવ્યું.

કાર્યક્રમ પ્રસંગે અખબારી જગતના વડિલ કિશનભાઇ બુદ્ધભટ્ટી (મોરબી), મહેશ એલ. સોની (નખત્રાણા), દિવ્યક્રાંતિ ન્યૂઝના જયદેવભાઈ બુદ્ધભટ્ટી અને મયુરભાઈ બુદ્ધભટ્ટી સહિત પ્રતિષ્ઠિત મહાનુભાવોના સન્માન સાથે પ્રતિભાશાળી યુવાનોનું પણ અભિનંદન કરવામાં આવ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સવારથી સાંજ સુધી ચાલેલા આ મહાસંમેલનમાં સમાજજનો દ્વારા લગાવવામાં આવેલા વિવિધ સ્ટોલ પર ભારે ઉત્સાહ અને હાજરી જોવા મળી હતી.

# મોરબીમાં એક જ દિવસમાં 3513 વીજ જોડાણ કટ : 31 માર્ચ સુધી ડ્રાઇવ ચાલુ રહેશે: 4.19 કરોડની વસુલાત કરતી 210 ટીમો

મોરબી જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી બાકી બિલની રિકવરી કરવા માટે મેગા ડીસકનેક્શન ડ્રાઇવનું આયોજન કર્યું હતું અને તે અંતર્ગત ગઇકાલે પીજીવીસીએલની 210 જેટલી ટીમ દ્વારા એક જ દિવસમાં 3513 જેટલા વીજ ગ્રાહકોના વિજ કનેક્શનને ડિસ્કનેક્ટ કરવામાં આવ્યા છે અને કુલ મળીને 4.19 કરોડની વસૂલાત કરવામાં આવેલ છે.



પીજીવીસીએલ ની વડી કચેરી દ્વારા સમગ્ર વિસ્તારમાં બાકી બિલની રિકવરી કરવા માટે થઈને મેગા ડીસકનેક્શન ડ્રાઇવનું આયોજન કરવાનું છે તે અંતર્ગત મોરબી સર્કલ ઓફિસે હેઠળ આવતા 12 સબડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં વીજ બિલ બાકી હોય તેવા ગ્રાહકો પાસેથી રિકવરી કરવા માટે તેને કામગીરી હાથ ધરવામાં આવી છે તે અંતર્ગત ગઇકાલે સવારથી મોરબી પીજીવીસીએલની 210 જેટલી ટીમો સમગ્ર જિલ્લાની અંદર વીજબિલ બાકી હોય તેવા ગ્રાહકો પાસેથી નાણાંની રિકવરી કરવા માટેની કામગીરી કરી રહી છે.

દરમિયાન અધિકારી પાસેથી મળતી વિગત પ્રમાણે લગભગ એક જ દિવસમાં મોરબી જીલ્લામાં 3513 વીજ ગ્રાહકોના વિજ કનેક્શનને કટ કરવામાં આવ્યા છે અને કેટલાક વીજ ગ્રાહકો દ્વારા સ્થળ ઉપર જ તેમના બાકી બિલની રકમ વીજ કંપનીના અધિકારી અને કર્મચારી પાસે જમા કરવામાં આવી હતી જેથી એક જ દિવસમાં મોરબી જીલ્લામાં કૂલ મળીને 4.19 કરોડની વસૂલાત કરવામાં આવેલ છે. તેમજ 4.51 લાખ રૂપિયા પેનલ્ટીના વસૂલ કરવામાં આવેલ છે.

વધુમાં અધિકારી જણાવ્યુ હતું કે, હાલમાં જે રીતની કામગીરી કરવામાં આવી છે આવી જ રીતે આગામી 31મી માર્ચ સુધી મોરબી જિલ્લામાં પીજીવીસીએલ દ્વારા કામ કરવામાં આવશે.

# મોરબીમાં ગંગા સ્વરૂપ બહેનોની 11 દીકરીઓનો દશમો સમૂહ લગ્નોત્સવ યોજાયો

મોરબી ગંગા સ્વરૂપ સહાય સમિતિ, ચિત્રા હનુમાનજી ધુન મંડળ, લાયન્સ કલબ ઓફ મોરબી સીટી અને મોરબીની પી.જી પટેલ કોલેજ આયોજીત ગંગા સ્વરૂપ બહેનોની 11 દીકરીઓનો દશમો સમૂહ લગ્નોત્સવ રણછોડનગર સોસાયટી કષ્ટભંજન હનુમાનજી સાંઈ મંદિર નવલખી રોડ મોરબી ખાતે સંપન્ન થયો હતો. આ સમૂહ લગ્નોત્સવ ગંગા સ્વરૂપ સહાય સમિતિના અધ્યક્ષ દેવકરણભાઈ આદ્રોજા, કારોબારી સમિતિના સભ્યો ચંદ્રકાંતભાઈ દફતરી, ત્રિભોવનભાઈ સી.ફુલતરિયા, બાલુભાઈ કડીવાર, રણછોડભાઈ કૈલા તેમજ મહંત બાબુભાઈના પ્રયત્ન અને માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. સામાન્ય પરિવાર અને જેમના આર્થિક સ્થિતિ નબળી હોય તેવી દીકરીઓને સમાજના દાતાઓની આર્થિક સહાયથી આશરે 80 થી 90



વસ્તુઓ કધ્યાદાન સ્વરૂપે આપવામાં આવી હતી. રામધન આશ્રમના મહંત ભાવેશ્વરી માતાજીના શિષ્યા અને વિખ્યાત કથાકાર 1008 રતનદેવીએ પ્રભુતામાં પગલાં પાડતા નવદંપતીઓને આશીર્વાદ આપતા કહ્યું હતું કે દીકરીઓ બંને ઘરની લક્ષ્મી છે અને દીકરા કુળદિપક છે. શારદાબેન આદ્રોજા તથા ટી.સી.ફુલતરિયાએ કહ્યું હતુ કે દીકરીઓ તો બંને ઘરનો તુલસી ક્યારો છે. પિતાની પરી અને સસરાના ઘરની લક્ષ્મી છે. દરેક દીકરીઓને એક દાતાએ ગીતાજીનુ પુસ્તક અને ચાંદીની પ્રતિકૃતિ આપી સનાતની ભાવના અને સંસ્કૃતિનુ સિંચન કર્યું હતુ.

# મોરબીમાં શુદ્ધ પાણી આપવા 2.35 કરોડના ખર્ચે ક્લોરીન ડોસીંગ સીસ્ટમની શરૂઆત

## સ્વચ્છ પાણી વિતરણથી પાણીજન્ય રોગચાળાની સ્થિતિ પણ સુધરશે




મોરબીમાં લોકોને શુદ્ધ પાણી માટે તેના માટે હાલમાં નવી સિસ્ટમ શરૂ કરવામાં આવેલ છે અને મનપાના વોટર વર્કસ વિભાગ દ્વારા ક્લોરિન ડોસીંગ સિસ્ટમથી શહેરના તમામ ઝોનમાં પીવાના શુદ્ધપાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવશે

નપાના આવતા વિસ્તારમાં શુદ્ધ ક્લોરીનેશન કરેલ પાણી પુરવઠો આપી શકાય તે માટે ક્લોરીન ડોસીંગ સીસ્ટમ લગાવવા માટે અંદાજીત ઉડઇ બનાવીને સરકારમાં મંજુરી અર્થે સમગ્ર પ્રોજેક્ટ મોકલ્પો હતો. અને અંદાજે 2.35 કરોડના ખર્ચે આ ક્લોરીન ડોસીંગ સીસ્ટમ મોરબી વોટર વર્કશ શાખા દ્વારા કામગીરી કરવામાં આવી છે, જેની સૈધ્ધાંતીક મંજુરી મળ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરી ક્લોરીન ડોસીંગ સીસ્ટમની કામગીરીની શરૂઆત કરવામાં આવી છે.

મોરબીમાં પાણી શુદ્ધિકરણ પ્લાન્ટમાં તેમજ પંપીગ સ્ટેશનમાં અધતન ક્લોરીન ડોસીંગ સિસ્ટમ સફળતાપૂર્વક સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવી છે. આ ક્લોરીન ડોસીંગ સિસ્ટમ ફિલ્ટર પ્લાન્ટ અને પંપીગ સ્ટેશન પર લગાવેલ છે. જેથી મનપાના વિસ્તારમાં શુદ્ધ પાણી ક્લોરીનેશન કરેલ પાણી શહેરીજાનોને મળી રહેશે. આ કામગીરીથી મોરબીન રહેવાસીઓને શુદ્ધ પાણીનો પુરવઠો મળી રહેતા તમામ વિસ્તારોમાં શુદ્ધપાણી પુરવઠો મનપા દ્વારા પૂરો પાડવામાં આવતા પાણીજન્ય રોગોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાશે.

# મોરબીમાં સ્વ. રમેશભાઈ રંગપડીયાના સ્મરણાર્થે નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાયો



મોરબીમાં સ્વ. રમેશભાઈ મકનભાઈ રંગપડીયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે માનવ સેવા અને આરોગ્ય જાગૃતિના ઉમદા હેતુ સાથે નિ:શુલ્ક નિદાન અને દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબીમાં સ્વ.રમેશભાઈ રંગપડીયાના સ્મરણાર્થે યોજાયેલ આરોગ્ય કેમ્પનો જરૂરિયાતમંદ અને સામાન્ય નાગરિકો સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પહોંચાડવાનો રહ્યો હતો.

કેમ્પ દરમિયાન વિવિધ ક્ષેત્રના નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓનું નિ:શુલ્ક આરોગ્ય નિદાન, જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે દર્દીઓને તેમના રોગ અંગે યોગ્ય સલાહ આપી આગળની સારવાર માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન વિવિધ રોગોના નિદાન સાથે આરોગ્ય સલાહ, તપાસ અને દવાઓનું વિતરણ કરવામાં આવતા લોકોમાં વિશેષ સંતોષની લાગણી જોવા મળી હતી. આ સેવા કાર્ય દ્વારા સ્વ. રમેશભાઈ મકનભાઈ રંગપડીયાના સ્મરણને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# મોરબી જિલ્લામાં હવામાન પરિવર્તનની અસરો સામે ટાસ્ક ફોર્સ સમિતિની બેઠક મળી

હવામાનમાં આવી રહેલા વૈશ્વિક બદલાવ અને તેની માનવ સ્વાસ્થ્ય પર થતી અસરોને ધ્યાને રાખીને, મોરબી જિલ્લા પંચાયત સભાખંડ ખાતે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એન.એસ. ગઢવીના અધ્યક્ષસ્થાને 'નેશનલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ' (NPCCHH) અંતર્ગત ટાસ્ક ફોર્સ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ક્લાઈમેટ ચેન્જ સામે આરોગ્યલક્ષી પૂર્વ તૈયારીઓ અને રક્ષણાત્મક પગલાંઓ અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. લોક-આરોગ્યને સુદ્રઢ બનાવવા માટે બેઠકમાં પાંચ મુખ્ય ઉદ્દેશ્યો પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં જનજાગૃતિ માટે I E C કેમ્પેઈન, આરોગ્ય કર્મીઓનું ક્ષમતા વર્ધન, વહેલી ચેતવણી સિસ્ટમ (EWARS) મજબૂત કરવી, વિવિધ વિભાગો વચ્ચે આંતર-સંકલન સાધવું અને ICMR સાથે મળીને ક્લાઈમેટ સેન્સિટિવ રોગો પર દેખરેખ રાખવાનો સમાવેશ થાય છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વધતા તાપમાન અને પર્યાવરણીય ફેરફારોની માનવ શરીર પર પડતી અસરો અંગે ચિંતા વ્યક્ત કરી આગામી ઉનાળાને ધ્યાને રાખી હીટ વેવથી બચવા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર 'O R S કોર્નર' કાર્યરત રાખવા અને જરૂરિયાતમંદ વસ્તીને ORS પેકેટનું વિતરણ કરવા સૂચનાઓ આપી હતી.




બેઠક દરમિયાન મોરબી GPCB દ્વારા મોરબીની હવાની ગુણવત્તા અંગે આંકડાકીય માહિતી રજૂ કરતા જણાવાયું હતું કે, ઔધોગિક હબ હોવા છતાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રદૂષણ નિયંત્રણના સચોટ પગલાંને પરિણામે PM 2.5 ના સ્તરમાં નોંધપાત્ર સુધારો થયો છે અને હાલ મોરબીની હવા 'સંતોષકારક થી મધ્યમ' શ્રેણીમાં છે તેવું GPCB અને CPCB ના માપદંડો દર્શાવે છે.


# મોરબીમાં 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત ભવ્ય યોગ કેમ્પ યોજાયો

મોરબી : ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' સંકલ્પને સાકાર કરવા સનાળા રોડ સ્થિત આદર્શ શાળા ખાતે મેદસ્વિતા મુક્તિ કેમ્પ યોજાયો હતો. ઝોન કોર્ડીનેટર વાલજીભાઈ ડાભી અને જિલ્લા કોર્ડીનેટર દેવાંશ્રી પરમારના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો.યોગ ટ્રેનર કાજલબેન આદ્રોજા અને ઈન્દિરાબેન ફળદુએ આસન-પ્રાણાયામનું માર્ગદર્શન આપ્યું, જ્યારે હરિદ્વારના સ્વામી વિજય દેવજીએ એક્યુપ્રેશર અને યોગ ચિકિત્સા પર વિશેષ સત્ર લીધું. લાયન્સ ક્લબ-મોરબીના સહયોગથી હેલ્ધી ડાયટ ફૂડ કુકિંગ સ્પર્ધા પણ યોજાઈ.

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-7, Issue-148, Year-8 Price Rs. 3.00, M. 097231 62036

# રવાપર-ઘુનડા રોડ પર સતધામ મોરબી ખાતમુહૂર્ત મહોત્સવ અંતર્ગત "રાષ્ટ્ર કથા"નું ભવ્ય આયોજન

## ૨૭ ફેબ્રુઆરી થી ૦૫ માર્ચ સુધી રોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ રામેશ્વર પાર્ટી પ્લોટ, ઘુનડા રોડ ખાતે આયોજન



મોરબી: સતધામ મોરબી ખાતમુહૂર્ત મહોત્સવના પવિત્ર અવસરે મોરબી શહેરમાં ભવ્ય "રાષ્ટ્ર કથા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક અને રાષ્ટ્રપ્રેમ પ્રેરિત કાર્યક્રમ તા. ૨૭ ફેબ્રુઆરી થી ૦૫ માર્ચ દરમિયાન દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી યોજાશે. આ કાર્યક્રમનું આયોજન રામેશ્વર પાર્ટી પ્લોટ, ઘુનડા રોડ, મોરબી ખાતે કરવામાં આવ્યું છે, જ્યાં વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને રાષ્ટ્રપ્રેમીઓ ઉપસ્થિત રહી શકશે. કાર્યક્રમ દરમિયાન પૂ સતશ્રી સ્વામી દ્વારા "રાષ્ટ્ર કથા"ના માધ્યમથી દેશપ્રેમ, સંસ્કૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યો અંગે પ્રેરણાદાયી પ્રવચનો આપવામાં આવશે. કાર્યક્રમમાં ભારત માતાનું પ્રતિકરૂપ દર્શન તથા ધાર્મિક વાતાવરણનું વિશેષ સજાવટ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે, જે શ્રોતાઓમાં ભક્તિ અને દેશભાવના પ્રગટાવશે. કાર્યક્રમનું લાઈવ પ્રસારણ "કથા" ચેનલ (GTPL-555) તેમજ YouTube પર "Satshri Katha" મારફતે પણ કરવામાં આવશે, જેથી વધુમાં વધુ લોકો આ આધ્યાત્મિક મહોત્સવનો લાભ લઈ શકે.આ આયોજન દ્વારા સમાજમાં રાષ્ટ્રીય એકતા, સંસ્કાર અને આધ્યાત્મિક ચેતનાનું સંવર્ધન કરવાનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો છે. આયોજકો દ્વારા મોરબી શહેર તેમજ આસપાસના વિસ્તારના તમામ નાગરિકોને ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવાની વિનંતી કરવામાં આવી છે. "રાષ્ટ્ર કથા" માત્ર ધાર્મિક કાર્યક્રમ નથી પરંતુ તે રાષ્ટ્રપ્રેમ, સંસ્કાર, સંસ્કૃતિ અને ભારતીય પરંપરાનો મહિમા સમજાવતો એક પ્રેરણાસ્રોત બની રહેશે. પૂજ્ય સંતશ્રી પોતાના વક્તવ્ય દ્વારા ભારત માતાની મહિમા, હિંદુ સંસ્કૃતિની વૈભવગાથા, યુવાનોમાં દેશભક્તિ જાગૃત કરવાના સંદેશા અને સમાજમાં એકતા-સૌહાર્દ વધારવાના વિચારો રજૂ કરશે.




# હિન્દૂ મહાસંમેલનમાં આત્માનંદ સરસ્વતીજીના ઓજસ્વી વક્તવ્યથી મોરબીવાસીઓમાં હિન્દૂ એકતાની પ્રબળ ચેતના પ્રજ્વલિત

## રવાપર-ઘુનડા રોડ પર યોજાયેલા આ મહા સંમેલનમાં સમાજમાં એકતા, સંસ્કાર અને રાષ્ટ્રભાવના મજબૂત બનાવવા સ્વામી આત્માનંદ સરસ્વતીનું આહ્વાન




મોરબી : શહેરના રવાપર વિસ્તારમાં ક્રિષ્ના વસ્તી,રવાપર, હિંદુ મહા સંમેલન સમિતિ દ્વારા ભવ્ય હિંદુ મહાસંમેલનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. "હિંદુ જાગશે, તો રાષ્ટ્ર જાગશે" ના પ્રેરક સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધાર્મિક અને સામાજિક આગેવાનો તથા શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન સંતશ્રીઓના આશીર્વચન અને પ્રેરણાદાયક પ્રવચનોએ ઉપસ્થિત જનમેદનીમાં નવી ઉર્જા ભરી દીધી હતી. સમાજમાં એકતા, સંસ્કાર, પર્યાવરણ જાગૃતિ, સ્વદેશી પ્રત્યે પ્રતિબદ્ધતા, નાગરિક કર્તવ્ય અને હિંદુ સંસ્કૃતિના સંવર્ધન જેવા મુદ્દાઓ પર વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સંતો અને મહંતશ્રીઓએ પોતાના સંદેશમાં સમાજને સંગઠિત રહી ધર્મ અને રાષ્ટ્રહિત માટે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમમાં વિવિધ ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં મોરબીના શહેરીજનો હાજર રહ્યા હતા, સમગ્ર વાતાવરણ ધાર્મિક અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ઓતપ્રોત બની ગયું હતું. અનેક સામાજિક અગ્રણીઓનું સમાજશ્રેષ્ઠીઓનું આત્માનંદ સ્વામી દ્વારા સન્માન થયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમોએ પણ ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આયોજક સમિતિ દ્વારા સુવ્યવસ્થિત આયોજન થવાથી કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.અંતે આયોજકો દ્વારા ઉપસ્થિત મહાનુભાવો અને શ્રદ્ધાળુઓનો આભાર મહેશભાઈ વેકરીયા, જીતલભાઈ થોરિયા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા આશિષભાઈ રંગપરીયા સહિતના યુવાનોની ટીમે ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

# મોરબીના જમીન કૌભાંડમાં રાજકોટના તલાટીએ પાંચ લાખ લીધાનો ધડાકો

મોરબીના વજેપરની કરોડો રૂપિયાની જમીન ખોટા ડોક્યુમેન્ટ ઊભા કરીને પચાવી લેવાના કૌભાંડમાં જમીનના મૂળ માલિકના દીકરાએ કરેલી ફરિયાદ પછી આ કેસની તપાસ સીઆઇડી ક્રાઇમને આપવામાં આવેલ છે અને આ ગુનામાં છેલ્લે તપાસનીસ અધિકારી દ્વારા તલાટી મંત્રી અને રેવન્યુ રેકર્ડ ઉપર ખોટી બનેલ દીકરીના દીકરાની ધરપકડ કરવામાં આવી હતી જે બંને આરોપીઓના રિમાન્ડ પૂરા થતાં તેને કોર્ટમાં રજૂ કરીને જેલ હવાલે કરવામાં આવેલ છો




તપાસનીસ અધિકારી પાસેથી મળતી માહિતી મુજબ બોગસ વરસાઇ આંબો કાઢી આપવા માટે તલાટીએ 5 લાખ રૂપિયા લીધા હોવાનું સામે આવ્યું છે જો કે, રૂપિયા કોને આપ્યા હતા અને કોના કહેવાથી આપ્યા હતા તે સહિતની દિશામાં હાલમાં તપાસ ચાલી રહી છે.

વજેપર ગામના સર્વે નંબર 602 ની કરોડ રૂપિયાની કિંમતી જમીન બેચરભાઈ ડુંગરભાઇ નકુમના નામે રેવન્યુ રેકર્ડમાં છે અને તેઓનું 1999 માં અવસાન થયેલ છે જોકે આજની તારીખે આ જમીનનો કબજો તેમના દિકરા ભીમજીભાઇ બેચરભાઇ નકુમ સહિતના પરિવારજનો પાસે છે તેમ છતાં પણ કરોડો રૂપિયાની જમીનને પચાવી પાડવા માટે બોગસ સરકારી રેકર્ડ ઊભું કરવામાં આવ્યું હતું અને તેના આધારે જે મહિલાને આ જમીન સાથે કોઈ લેવા દેવા જ ન હતા તેવા શાંતાબેન પરમાર નામની મહિલાને જમીન માલિકની દીકરી તરીકે બોગસ વરસાઈ આંબો મેળવીને તેના આધારે રેવન્યુ રેકર્ડમાં નામ ચડાવવામાં આવ્યું હતું.

જો કે, મૂળ માલિકના દીકરાએ ઉચ્ચકક્ષા સુધી કરેલી રજૂઆતો બાદ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતાબેન પરમાર અને સાગર ફૂલતરિયા સામે નામ જોગ ફરિયાદ લેવામાં આવી હતી. આ ફરિયાદ લેવામાં આવી તેની સામે જ ફરિયાદીને વાંધો હતો જેથી ફરિયાદ બાદ તેઓએ 17 લોકોના નામ જોગ વિશેષ નિવેદન આપ્યું હતું અને તેના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

અને હાલમાં આ ગુનાની તપાસ સીઆઇડી ક્રાઇમની ટિમ કરી રહી છે અને અગાઉ આ ગુનામાં બે મહિલા સહિત કુલ 6 આરોપીઓને પકડવામાં આવ્યા હતા અને જો કે, છેલ્લે તપાસનીસ અધિકારી ડીવાયએસપી વનરાજસિંહ વાળા અને તેની ટીમ દ્વારા આરોપી સામતભાઈ મનજીભાઇ પરમાર (58) રહે. સી-15 લાભનગર ધરમપુર રોડ મોરબી અને તલાટી મંત્રી જયદીપસિંહ કિશોરભાઇ જાડેજા (36) રહે. એચ-14 સરિતા વિહાર સોસાયટી એજી ચોક પાસે કાલાવડ રોડ રાજકોટ વાળાની ધરપકડ કરવામાં આવી હતી અને રિમાન્ડની માંગણી સાથે તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે એક દિવસના રિમાન્ડ આપ્યા હતા જે પૂરા થતાં બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને મોરબીની સબ જેલ હવાલે કરવામાં આવેલ છે.

વધુમાં તપાસનીસ અધિકારી ડીવાયએસપી વનરાજસિંહ વાળા પાસેથી મળેલી માહિતી મુજબ જમીન કૌભાડની શરૂઆત બોગસ વરસાઈ આંબાથી કરવામાં આવેલ છે અને આ બોગસ વરસાઈ આંબો હાલમાં પકડાયેલા તલાટી મંત્રી જયદીપસિંહ કિશોરભાઇ જાડેજાએ કાઢી આપેલ હતો અને તેણે આ બોગસ વરસાઈ આંબો કાઢી આપવા માટે રૂપિયા 5 લાખ લીધેલ હોવાનું સામે આવ્યું છે જો કે, આ રૂપિયા તેને કોણે આપ્યા હતા ? અને કોના કહેવાથી આપેલ હતા ? તે દિશામાં હાલમાં તપાસ ચાલી રહી છે.

આગામી સમયમાં આ ચર્ચાસ્પદ ગુનામાં હવે કોણ આરોપી બનશે તેના ઉપર સહુ કોઇની નજર મંડાયેલ છે. અત્રે ઉલેખનીય છે કે, જો તલાટી મંત્રીએ બોગસ વરસાઈ આંબો કાઢી આપવા માટે લાખો રૂપિયા લીધા હોય તો મોટા મગર મચ્છોએ કેટલા રૂપિયા લીધા હતા અને કોની પાસેથી લીધા હતા તે દિશામાં પણ હવે તપાસના ઘોડા દોડે તેવા સંકેત મળી રહ્યા છે.

# મોરબી મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી માટે ૧૩ વોર્ડનું આખરી સીમાંકન જાહેર

મોરબી : માર્ચ માસના અંત ભાગમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થાય તેવા સંજોગો વચ્ચે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મોરબી મહાનગરપાલિકાની આગામી પ્રથમ ચૂંટણી માટે શહેરના વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.નવા સીમાંકન અને વોર્ડ રચના મુજબ મોરબી મહાનગરપાલિકામાં કુલ ૧૩ વોર્ડ રહેશે. મોરબી શહેરની કુલ વસતી ૨,૬૭,૭૨૪ને ધ્યાને લઈ દરેક વોર્ડ દીઠ સરેરાશ વસતી ૨૦,૫૯૪ નક્કી કરવામાં આવી છે.




મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં કુલ ૫૨ બેઠકો માટે મતદાન યોજાશે. જેમાંથી ૫૦ ટકા એટલે કે ૨૬ બેઠકો સ્ત્રીઓ માટે અનામત જાહેર કરવામાં આવી છે. આ નિર્ણય મહિલાઓના રાજકીય સશક્તિકરણ તરફ મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી માસ દરમિયાન રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા પ્રાથમિક આદેશ જાહેર કરી જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શ કરીને અંતિમ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી નક્કી કરવામાં આવી છે.હવે ચૂંટણી જાહેર થવા સાથે શહેરમાં રાજકીય ચહલપહલ વધે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**શહેરના ક્યાં વોર્ડમાં ક્યાં વિસ્તારનો સમાવેશ કરાયો**

વોર્ડ નં. ૧: નાની વાવડીના સર્વે નંબરો, કેનાલ આસપાસનો વિસ્તાર, શ્રીરામ પાર્ક, ભગવતીપરા અને નદી સુધીનો વિસ્તાર., વોર્ડ નં. ૨: મચ્છુ નદીથી અમરેલી, શંકરા આશ્રમ, મોરબી નવલખી રેલ્વે લાઈન, વીસી ફાટક, એમ.પી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ, મોરબી રેલ્વે સ્ટેશન, આરકલી, લાયન્સનગર અને કુબેર નગર સુધીનો વિસ્તાર વોર્ડ નં. ૩: મચ્છુ નદીથી કાલીન્દ્રી નદી, કડિયા બોર્ડીંગ, લાલબાગ સરકારી વસાહત, લાલબાગ સેવા સદન, ઉમા ટાઉનશીપ, પીજીવીસીએલની કચેરી અને મચ્છુ નદી કાંઠા સુધીનો વિસ્તાર વોર્ડ નં. ૪: મહેન્દ્રનગર, કાલીન્દ્રી નદી આસપાસનો વિસ્તાર, મોરબી ઘૂટું રોડ, ત્રાજપર ચોકડી રોડ સુધીનો વિસ્તાર વોર્ડ નં. ૫: મચ્છુ નદીથી એલઈ કોલેજ હોસ્ટેલ, નટરાજ ફાટક, તાલુકા પોલીસ સ્ટેશન, મહારાણા પ્રતાપ સર્કલ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, જિલ્લા સેવા સદન, જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી અને મયુર પુલ સુધીનો વિસ્તાર વોર્ડ નં. ૬: શક્તિ ચોકથી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, ન્યાયાધીશ આવાસ, મણી મંદિર, દરબાર ગઢ, મચ્છુ બારી, રામઘાટ રોડ, માતૃ મંદિર પ્રાથમિક શાળા, ગંધીયા બજાર, નેહરુ ગેટ અને બુઢાવાળી લાઈન સુધીનો વિસ્તારવોર્ડ નં. ૭: માધાપર, નવી રેલ્વે કોલોની, વીસી હાઈસ્કૂલ, જુનું આયુર્વેદિક દવાખાનું, ટાઉન હોલ, મહાનગરપાલિકા કચેરી, શનાળારોડ, રામચોક, લાતી પ્લોટ મેઈન રોડ, મહેન્દ્રપરા મેઈન રોડથી અયોધ્યા પૂરી રોડ સુધીનો વિસ્તાર વોર્ડ નં. ૮: પંચાસર રોડ, ભારત પરા, લાતી પ્લોટ, શનાળા રોડ, યદુનંદન ચેમ્બર્સ, સુભાષચંદ્ર બોઝ પ્રતીમા ચોક, નવાબસ સ્ટેન્ડ અને સરદાર પટેલ સ્ટેચ્યુ સુધીનો વિસ્તાર વોર્ડ નં. ૯: સર્વે નં. ૮૬૪ થી ૧૨૭૦, ૧૧૪૧, ૯૫૧ અને ૮૯૨ આસપાસનો વિસ્તાર. વોર્ડ નં. ૧૦: માધાપર સર્વે નંબરના વિસ્તારો, વોકળો અને તળાવ આસપાસનો વિસ્તાર વોર્ડ નં.૧૧: રવાપર અને લીલાપરના સર્વે નંબર ધરાવતો વિસ્તાર, મચ્છુ નદી આસપાસનો પટ્ટો વોર્ડ નં. ૧૨: શનાળા રોડ,સરદાર બાગ, રવાપર મેઈન રોડ, કાલિકા પ્લોટ, કબીર ટેકરી વિસ્તાર અને કેનાલ રોડ આસપાસનો વિસ્તાર વોર્ડનં. ૧૩: માધાપર, સાયન્ટીફિક વાડી, શિવ સોસાયટી, વજેપર વિસ્તાર, મતવાવાસ, રબારી વાસ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ, વાઘપરા વિસ્તાર, સદભાવના હોસ્પિટલ, બોયઝ હાઈસ્કૂલ, વસંત પ્લોટ, ગાંધી ચોક, ભોઈવાડો અને સ્મશાન સુધીનો વિસ્તાર.

**અનામત બેઠકોની ફાળવણી**

* અનુસૂચિત જાતિ (SC) માટે ૪ બેઠકો અનામત છે, જેમાં ૨ બેઠકો અનુસૂચિત જાતિની સ્ત્રીઓ માટે રહેશે. * અનુસૂચિત આદિજાતિ (ST) માટે એકપણ બેઠક અનામત નથી. * પછાતવર્ગ (OBC) માટે ૧૪ બેઠકો ફાળવવામાં આવી છે, જેમાંથી ૭ બેઠકો પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત છે.* કુલ સામાન્ય (બિનઅનામત) બેઠકો ૩૪ રહેશે, જેમાં ૧૭બેઠકો સામાન્ય સ્ત્રીઓ માટે ફાળવવામાં આવી છે.

# હવે ગ્રેડ આધારીત ડ્રાઈવીંગ લાયસન્સ સિસ્ટમ ટ્રાફિકના નિયમનો ભંગ કરનારનું લાયસન્સ રદ્દ થશે

કેન્દ્ર સરકાર માર્ગ સુરક્ષા વધારવા હવે નવો કાનુન લાવી રહી છે જેમાં દેશમાં ગ્રેડ આધારીત ડ્રાઇવીંગ લાયસન્સ સિસ્ટમ લાગુ કરશે જેમાં ટ્રાફિકના નિયમ તોડનાર પર લાયસન્સના પોઇન્ટ કપાશે અને એક વખત ચોકકસ પ્રકારે લાયસન્સના પોઇન્ટ ઘટતા જ તેનું ડ્રાઇવીંગ લાયસન્સ આપોઆપ રદ થઇ જશે.કેન્દ્રીય માર્ગ વ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ આજે દેશમાં આ પ્રકારે ગ્રેડ આધારીત ડ્રાઇવીંગ લાયસન્સ સિસ્ટમ કરવા જાહેરાત કરી છે જેમાં અત્યારે ટ્રાફિકના નિયમનો ભંગ કરનારનું ચલણ આપવામાં આવે છે અને તેમાં ચોકકસ રકમનો દંડ કરાય છે. પરંતુ હવે ડ્રાઇવરનો એક રીપોર્ટ કાર્ડ તૈયાર થશે.

ટ્રા ફિકના નિયમોનો ભંગ થશે એટલે તેના લાયસન્સ માટે કુલ પોઇન્ટમાંથી



નિયમ મુજબ પોઇન્ટ કપાશે અને એક વખત તે લીમીટથી વધુ પોઇન્ટ કપાય એટલે ડ્રાઇવીંગ લાયસન્સ આપોઆપ છ મહિના માટે કેન્સલ થઇ જશે જેની જાણ આરટીઓ, પોલીસ તથા વિમા કંપનીઓને પણ ઓટોમેટીક થઇ જશે અને જો આ રીતે વારંવાર લાયસન્સ રદ થશે તો કાયમ માટે તેનું ડ્રાઇવીંગ લાયસન્સ રદ કરી દેવાશે.

ડ્રા ઇવીંગ કરનારાને વાહન ચલાવવાના વર્તન પર તેની ભુલોનો સરવાળો કરવામાં આવશે. ઓવર સ્પ્રીડીંગ ઉપરાંત રોંગ સાઇડમાં ડ્રાઇવીંગ અને શરાબ પીને ડ્રાઇવીંગ કરવું આ તમામને તેમાં સામેલ કરાશે આમ ડ્રાઇવીંગ લાયસન્સના નિયમો વધુ કડક બની રહ્યા છે અને આગામી સમયમાં તેનો અમલ કરવામાં આવશે.

# મોરબી: સાપરમાં રાજર્ષિ મુનિનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

મોરબી તાલુકાના સાપર ગામે આગામી તા.૭ અને ૮ માર્ચના રોજ. ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. લકુલીશ ગુરુ પરંપરાના રાજર્ષિ મુનિજીની જન્મભૂમિ એવા સાપર ખાતે ગુરુ મૂર્તિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.જેમાં નગરયાત્રા, પાટોત્સવ અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત આગામી તારીખ ૭ના રોજ સાપર ખાતે બિરાજતા ત્રિદેવ મંદિર તથા રાજબાઈ માં ના મંદિરનો ૧૯મો વાર્ષિક પાટોત્સવ પણ ઉજવવામાં આવશે. જેમાં ભગવાન અને ગુરુમૂર્તિની ભવ્ય નગરયાત્રા યોજાશે. આ નગરયાત્રા જેતપરથી શરૂ કરી અણીયારી, સાપર, વાઘરવા, પીલુડી અને જસમતગઢ થઈને પુનઃ સાપર મુકામે પહોંચશે.ઉપરાંત તા.૮ના રોજ શુભ ચોઘડિયે રાજર્ષિ મુનિજીની મૂર્તિ અને સ્મૃતિ મંદિરની શાસ્ત્રોક્ત વિધિ સાથે પ્રતિષ્ઠા કરવામાં આવશે તેમજ રવિવારે બપોરે ૧૨:૦૦ કલાકે સમસ્ત ભકતો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમને જ સફળ બનાવવા માટે આનંદાચાર્ય - મનહરસિંહ જાડેજા, સરપંચ રવિરાજસિંહ જાડેજા તથા ગામના અગ્રણીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# મોરબીના ઘૂટું રોડે 25 થી વધુ દુકાનો-ઓરડીઓ મનપાની ટીમે તોડી પાડી : રસ્તો દબાણમુક્ત

મોરબીના જુના ઘૂટું રોડ ઉપર રોડ સાઇડમાં આવેલ દુકાનો અને ઓરડીઓ વિગેરે દૂર કરવા માટે મનપાની ટીમ દ્વારા બુધવારે ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને અંદાજે 25 થી વધુ દુકાનો તેમજ ઓરડીને જેસીબી મારીને તોડી પાડીને રોડ સાઇડમાં જે દબાણો હતા તે તમામ દબાણોને દૂર કરવામાં આવ્યા છે.

મનપાની ટીમ દ્વારા વન વિક વન રોડ અંતર્ગત જુદા જુદા વિસ્તારોમાં જે રોડ સાઇટના દબાણ હોય છે તેને દૂર કરવા માટેની કામગીરી કરવામાં આવતી હોય છે તેવામાં ગત બુધવારે મોરબીની ત્રાજપર ચોકડી પાસે દબાણ દૂર કરવા માટેની કામગીરી કરવામાં આવી હતી અને ત્યાં જે કાચા પાકા દબાણો હતા તથા કેબીનો રાખવામાં આવી હતી તે તમામ પ્રકારના દબાણો દૂર કરીને ત્રાજપર ચોકડી પાસે રોડ



સાઇડના દબાણ બધા દૂર કરવામાં આવ્યા હતા ત્યારબાદ મનપાના કમિશનર સ્વપ્નિલ ખરેની હાજરીમાં ઘૂટું રોડ ઉપર રોડ સાઇડમાં જે પાકા દબાણ હતા તેને તોડવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. મોરબીમાં બુધવારે અંદાજે 15 જેટલી પાકી દુકાનો તથા 10 જેટલી કાચી પાકી દુકાનો અને ઓરડીઓ આમ કુલ મળીને 25 થી વધુ દબાણ અને જેસીબી ફેરવીને તોડી પાડવામાં આવ્યા હતા અને રોડ સાઇડની જમીનને ખુલી કરવામાં આવી હતી વધુમાં અધિકારીએ જણાવ્યું હતું કે આવી જ કામગીરી આગામી સમયમાં પણ મોરબીના જુદા જુદા વિસ્તારમાં ચાલુ રાખવામાં આવશે અને રોડ સાઇડમાં અથવા તો મનપાની જગ્યા ઉપર કોઈ પણ જગ્યાએ દબાણ હશે તો તેને તોડી પાડવામાં આવશે.

# મોરબીમાં લીલાપર રોડનો વિકાસ-બ્યુટીફીકેશન માટે ૧૩.૩૧ કરોડનું ટેન્ડર પ્રસિદ્ધ

## કોરીડોર તરીકે વિકાસ થશેઃ શહેરને નવી ઓળખ આપશેઃ ૪.૭૫ કિ.મી.માં પોકેટ ગાર્ડન, સીટીંગ, વૃક્ષારોપણનો સમાવેશ





મોરબીના લીલાપર રોડનું બ્યુટીફીકેશન મોરબી શહેરની ઓળખને નવી દિશા આપશે જેમાં મોરબીવાસીઓ માટે ફૂટપાથ, આધુનિક ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ, પ્રીકાસ્ટ કર્બ સ્ટોન વ્યવસ્થા, સિટીંગ એરિયા સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા મોરબી શહેરમાં લીલાપર રોડના સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે. આશરે 4.75 કિમી લંબાઈ અને 12 મીટર પહોળાઈ ધરાવતા આ મુખ્ય માર્ગને આધુનિક અને સુવ્યવસ્થિત શહેરી કોરિડોર તરીકે વિકસાવવામાં આવનાર છે. આ સમગ્ર પ્રોજેક્ટ અંદાજે 13.31 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. લીલાપર રોડના આ બ્યુટીફિકેશન પ્રોજેક્ટથી મોરબીના નગરજનોને નવું આધુનિક સ્થળ મળી રહેશે. જેનાથી મોરબી શહેરની સુંદરતા માં વધારો થશે. આ પ્રોજેક્ટ અંતર્ગત મોરબીના રહેવાસીઓને બંને બાજુ સુવિધાસભર ફૂટપાથ, મજબૂત અને આકર્ષક પેવર બ્લોક ફ્લોરિંગ, પ્રીકાસ્ટ કર્બ સ્ટોન વ્યવસ્થા, માર્ગ કિનારે વૃક્ષારોપણ, આધુનિક ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ્સ, નાગરિકો માટે સિટીંગ એરિયા, સ્વચ્છતા માટે પૂરતી સંખ્યામાં ડસ્ટબિન, સુવ્યવસ્થિત દિશાસૂચક સાઇનેજ, માર્ગ સલામતી માટે સ્પષ્ટ ઝેબ્રા ક્રોસિંગ મુખ્ય સુવિધાઓ આગામી સમયમાં મળનાર છે લીલાપર રોડના બ્યુટીફીકેશન પ્રોજેક્ટના મુખ્ય લાભ વિષે કહી શકાય કે પેડેસ્ટ્રીયન માટે સલામત માર્ગ, સ્ટ્રીટ લાઈટથી સુવિધા સભર સલામત માર્ગ, પર્યાવરણમૈત્રી વિકાસ, માર્ગના કિનારે સુવ્યવસ્થિત અને આકર્ષક પોકેટ ગાર્ડન અને સીટીંગ એરિયાનો પણ આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ વ્યવસ્થાઓ માટે મોરબી મહાનગરપાલિકાની સિવિલ શાખા દ્વારા ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# મોરબીના નાની વાવડીમાં ૧.૩૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાથી સજ્જ પાર્ક બનવાનું કામ પ્રગતિમાં

## 2100 વૃક્ષો વવાશે : બાળકોથી માંડી મોટેરાઓને લાભ : સમગ્ર શહેરની ગ્રીનરીમાં થશે વધારો

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા નાની વાવડી વિસ્તારમાં આધુનિક સુવિધાઓ સાથે પાર્ક વિકાસનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ 1.30 કરોડ થશે. આ પાર્ક વિકાસ થી આ વિસ્તારના રહેવાસીઓને આરામદાયક બેઠક વ્યવસ્થા, જોગિંગ ટ્રેક,ચિલ્ડ્રન પ્લે એરિયા સહિતની સુવિધાઓ થી સજ્જ રમણીય વાતાવરણ ધરાવતું આધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર સાથેનું માળખું મળી રહેશે.નાની વાવડી પ્રોજેક્ટ અંતર્ગત વ્યાપક લેન્ડસ્કેપિંગ અને પ્લાન્ટેશન હાથ ધરવામાં આવનાર છે.આહી વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે જેમાં, નીમ, ગુલમોહર, ચંપા અને સપ્તપર્ણી જેવા આશરે 2000 થી 2100 વૃક્ષોનું રોપણ કરવામાં આવશે. ઉપરાંત હિબિસ્કસ, જાસુદ, ઇક્સોરા અને ડ્રાસીના જેવા ઝાડીઓ 2 થી 3 છોડ પ્રતિ ચોરસ મીટર ઘનતાથી રોપવામાં આવશે. ગ્રાઉન્ડ કવર તરીકે રોયો અને સિટ્રોનેલા (મચ્છર નિયંત્રણ માટે) વાવવામાં આવશે, જેથી પર્યાવરણને પણ સ્વચ્છ સુદ્રઢ અને રાખી શકાય. પાર્ક માં નગરજનો ને તમામ પ્રકારની સુવિધા મળી રહે તે માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંતર્ગત રેડ સેન્ડ/પેવર આધારિત વોકિંગ અને જોગિંગ ટ્રેકનું નિર્માણ, બેઠક વ્યવસ્થા સાથે પર્ગોલા, રેઇનવોટર હાર્વેસ્ટિંગ પિટ્સ, બોરવેલ/વોટર ટેન્ક સાથે ડ્રિપ સિંચાઇ પ્રણાલી તેમજ સોલાર પાવર આધારિત સ્ટ્રીટલાઇટ્સની સુવિધા ઉભી કરવામાં આવનાર છે. આ તમામ સુવિધાઓ પર્યાવરણમૈત્રી અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે તે મુજબ આધુનિક ઢબે બનાવવામાં આવનાર છે. નાની વાવડી માં આકાર લેનાર પાર્ક માં નાગરિક સુવિધાઓ પણ પૂરતા પ્રમાણ માં આપવામાં આવશે, જેમાં શહેરના નાગરિકો માટે બાળકો માટે વિશેષ પ્લે એરિયા, ખુલ્લી હવામાં ધ્યાન/યોગ માટે પ્લાઝા તથા માહિતી દર્શાવતા અને પર્યાવરણ જાગૃતિ વધારતા સૂચના બોર્ડ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નાની વાવડી વિસ્તાર તેમજ સમગ્ર મોરબી શહેરને વધુ હરિયાળું, સ્વચ્છ અને આરોગ્યપ્રદ જાહેર સ્થળ પ્રાપ્ત થશે, તેમ જણાવવામાં આવ્યું છે.














TIMES OF CERAMIC®
COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
CERAMIC TODAY®
MAYUR K. BUDHABHATTI ( OWNER & EDITOR ) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS = +91 96019 77755